# *વ્યંગ-હાસ્ય-કલા દરબાર*

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 141 –– February 17, 2008



## *જાતેપોતે - પોતાની કલમે..*

-મહેન્દ્ર શાહ-

આ સપ્તાહની **'સન્ડે ઈ-મહેફીલ'** અનોખી બની રહેશે. દર સપ્તાહે અમે આ કલાકારનું એક કાર્ટુન પીરસીએ છીએ. આજે તો મોટો થાળ જ લઈને આવ્યા છીએ.

**શ્રી. મહેન્દ્ર શાહ** એક એવા ગુજરાતી કાર્ટુનીસ્ટ છે જે દુનીયા આખી પર છવાયેલા રહે છે. ઈન્ટરનેટની બલીહારી છે કે કેટલાંય ઈ-મેગેઝીનોમાં એમનાં કાર્ટુન રોજ ઝળકે છે. તે ઉપરાંત લંડનના **'ઓપીનીયન'** અને અમેરીકાના **'ગુર્જરી'**માં પણ તેમનાં કાર્ટુન નીયમીત છપાય છે. ગુજરાતી મેગેઝીનો, ખાસ કરીને તેમના પોલીટીકલ કાર્ટુનો છાપે છે. સાચી વાત એ છે કે મુળે મહેન્દ્રભાઈ એક અચ્છા ચીત્રકાર છે. એમનાં કાર્ટુનોનો અભ્યાસ કરીએ તો એમના કાર્ટુનમાં કટાક્ષ તો નજરે ચઢે જ છે; પરંતુ એમની પીંછીની કમાલ પણ અદ્‌ભુત ઉઠાવ પામે છે. આજે તેમનાં પેઈન્ટીંગ્સ અને લખાણ દ્વારા એમની બહુમુખી પ્રતીભાને મહેફીલના ચાહકો સમક્ષ રજુ કરીએ છીએ. સારા કાર્ટુનીસ્ટ બનવા માટે ચીત્રકળા, વીનોદવૃત્તી, અને લેખનકળા હોવી જરૂરી છે જ; પરંતુ રાજકીય, સામાજીક, ધાર્મીક પરીસ્થીતી જોવાની, સમજવાની અને માણવાની શક્તીયે જરુરી છે. મહેન્દ્રભાઈ પ્રતીભાસંપન્ન કલાકાર છે. તેથી જ ગુજરાતમાં જ્યાં કવીઓ અને લેખકો વીપુલ પ્રમાણમાં જણાય છે, ત્યાં કાર્ટુનીસ્ટ આંગળીને વેઢે ગણાય એટલા જ નજરે ચઢે છે !


મુળ અમદાવાદના **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**, ૧૯૭૪થી આર્કીટેક્ટ તરીકે અમેરીકામાં સ્થાયી થયેલા છે. મહેન્દ્રભાઈએ અને એમનાં પત્ની **શ્રીમતી. અરુણાબહેને** આજે પેટ્રોલપંપો અને બીજા સ્ટોરોના ધંધામાં ઘણો વીકાસ કર્યો છે.(આ ગુજરાતી વાણીયો કલમથી એકલા લીટા જ નથી કરતો પણ સરવાળા-ગુણાકાર પણ કરી જાણે છે !)પીટ્સબર્ગ-પેન્સીલ્વેનીયા ('પેન્સીલ્વેનીયા' શબ્દમાં જ 'પેન્સીલ' અને 'વાણીયા' બન્ને છે !)ના ગુજરાતી અને જૈન સમાજમાં આ દંપતી આજે તન, મન,

ધનથી પોતાની સેવાઓ આપી રહ્યું છે. તેમની દીકરી **રેશ્મા** અને દીકરો **અનીષ** પરણીને પોતાનાં બાળકો સાથે અમેરીકામાં જ સ્થાયી થયાં છે. એમનાં કાર્ટુનોનો પ્રથમ ગ્રંથ **'અમે અમેરીકન અમદાવાદી'** ૨૦૦૫માં પ્રસીદ્ધ થયો છે. આગામી વરસે ભારત જઈ બીજો સંગ્રહ અંગ્રેજી વર્ઝનમાં આપવાની અને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવાં શહેરોમાં એમની કલાનાં પ્રદર્શનો યોજવાની પણ તેઓ હોંશ ધરાવે છે. કેટલીવાર પ્રશ્ન થાય : મહેન્દ્રભાઈમાં રહેલો ચીત્રકાર ચડે કે કાર્ટુનીસ્ટ ? અમને હજી જવાબ જડ્યો નથી !

નીચેના એમના એક પેઈન્ટીંગ પરથી એમની ઉત્કૃષ્ટ ચીત્રકળાનો પરીચય મળે છે. જુદા જુદા રંગોના વીનીયોગ આ ચીત્રને કેવું આબેહુબ અને નયનરમ્ય બનાવે છે ! દેશવીદેશના એમના ચીત્રચાહકો મોટી મોટી કીંમત ચુકવી તે ખરીદે પણ છે. એમનાં ઘણાં એવાં મુલ્યવાન પેઈન્ટીંગ્સ http://picasaweb.google.com/mahendraaruna1/ArtGallery માં જોવા મળે. તે માટે તેમને ઈ-મેઈલ પણ કરી શકાય. અહીં આપેલાં એમનાં કાર્ટુન, સમાજનું અંદર-બહારનું ખરું ચીત્ર હળવી રીતે રજુ કરે છે. લોકો તે માણવા આતુર હોય છે. વેલેન્ટાઈન-ડે, એ મહેન્દ્રભાઈ અને અરુણાબહેનની ૩૯મી લગ્નતીથીનો દીન છે. 'સન્ડે ઈ-મહેફીલ ટીમ' તરફથી બન્નેને ઢગલો શુભેચ્છાઓ..

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

ફૉલ-પાનખર



## ● મધુરેણ સમાપયેત્ ●




### What is **'Mafat'**?
### 'મફત' એટલે?

વીસેક વરસ પહેલાંની વાત છે. અમારે અહીં પીટ્સબર્ગમાં દર વર્ષે મે મહીનામાં કન્વેન્શન હૉલમાં જુદા જુદા દેશની એથનીક કમ્યુનીટીઝ, સીટી, કાઉન્ટી અને બીઝનેસ કંપનીઓના સહયોગથી ફોક ફેસ્ટીવલ કાર્યક્રમનું આયોજન થાય છે. પીટ્સબર્ગની ભારતીય કમ્યુનીટી પણ દર વર્ષે ફેસ્ટીવલમાં ભાગ લે છે.

ફોક ફેસ્ટીવલમાં મોટા હૉલની ચારે બાજુએ જુદા જુદા દેશના ફુડ-બુથ, આર્ટ-બુથ હોય છે અને મધ્યમાં મોટું સ્ટેજ હોય છે, જ્યાં બધા જ દેશના સાંસ્કૃતીક કાર્યક્રમો થતા રહેતા હોય છે. આ ઉપરાંત ઘણી કંપનીઓનાં બુથ, એમના બીઝનેશના પ્રમોશનને અનુલક્ષીને તથા કાર્યક્રમને સ્પોન્સર કરવાની દષ્ટીએ, ગોઠવેલાં હોય છે - જેવાં કે વેસ્ટર્ન યુનીયન, એર લાઈન્સ, ફોન કંપનીઓ, ઈન્સ્યુરન્સ, ટ્રાવેલ એજન્સી વગેરે વગેરે..

એમાં AT & T ફોન કંપનીનું બુથ પણ હતું. AT & T, નવા કસ્ટમર્સ સાઈનઅપ કરવાના આકર્ષણ રુપે, બધાને પોતપોતાના વતનમાં પાંચ મીનીટ સુધી ફોન પર ફ્રી વાત કરવા દેતી હતી. ઑપરેટર યુવતી બધાને એક પછી એક લાઈન જોડી આપતી હતી. સ્વાભાવીક જ, દેશીઓનું ટોળું તો ત્યાં હોય જ ને? પડે તેના કટકા ! બહુ મોટી લાઈન હતી. હું પણ તેમાં હતો .(મફત હતું ને!)

અહીં અમેરીકામાં બપોરના ત્રણ-ચારનો સમય હશે અને ભારતમાં લગભગ રાતના બેની આસપાસ થયા હશે. હવે, આ સમયે ભારતમાં ફોનની ઘંટી વાગે એટલે સ્વાભાવીક જ સગાંવહાલાં ભરઉંઘમાંથી ફોન ઉપાડી પહેલો સવાલ એ પુછે કે, 'કેમ આટલી મોડી રાતે ફોન કર્યો? બધા મઝામાં તો છે ને?' અહીંથી જવાબ જાય કે,'મફત છે ને? એટલે !'

આમ એક પછી એકનો વારો આવતો જાય, એક જ પ્રશ્ન પુછાય, 'કેમ આટલી મોડી રાતે?' એક જ જવાબ અપાય, 'મફત છે ને !' અને કન્વેન્શન હૉલમાં તો જાણે 'મફત..મફત'ના પડઘા જ સતત ન ઉઠતા હોય !

બુથમાં બેઠેલી ઑપરેટરે બીચ્ચારીએ હજ્જારો વાર 'મફત..મફત' શબ્દ સાંભળ્યો હશે તેથી કે કેમ; પણ જ્યારે મારો વારો આવ્યો ત્યારે અને વળી હું એની જોડે જરા વધારે ફ્રેન્ડલી વાતો કરવાને ઈરાદે ખપાવવા માંડ્યો, તો તે તેની ઈન્તેજારી રોકી શકી નહીં . મને તેણે હીંમત કરીને પુછી જ નાખ્યું, 'What is 'Mafat? -મહેન્દ્ર શાહ



શેઠાણીજી, હમ, કપડા, બર્તન, ઝાડું, સફાઈ, રસોઈ સબકુછ કરેગા. .,
બસ, આપકો હમારી "નાનો"કા પાર્કીંગ કા ઈંતજામ, કરના હોગા!




Swamiji called....., he says no matter what, unless we perform
"Maha Yagna" our chances of winning the World Cup are very slim.

સંપર્ક : Mahendra Shah, 201- Spencer Ct., Moon Twp.
PA-15108- USA...Phone- 412-780-6051
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com
‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : 141 –– February 17, 2008